# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી

**વંચાણે લીધોઃ–** (૧) સેકશન અધિકારીશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ પરચ/૧૧૨૦૦૨/૧૧૦૬૫/મ.૩ તા.૩૧/૦૫/૨૦૦૩
(૨)અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃનકૃયુ/રજી/એ.૧.૧/૩૯૪૯–૪૦૪૮/૨૦૦૮, તા.૨૬/૩/૦૮

## –:: દફતરી હુકમ ::–

નામદાર સુપ્રિમ કોર્ટના વિશાખા અને અન્ય વિરૂધ્ધ રાજસ્થાન સરકાર સામેના ચૂકાદામાં આપેલ આદેશ અનુસાર કચેરીમાં અને કામકાજના સ્થળોએ મહિલાઓની થતી જાતીય સતામણી રોકવા **"કંપ્લેઈન્ટ મીકેનીઝમ"** મુજબ અત્રેની કચેરીના ઉપરોકત કાર્યાલય આદેલ દ્વારા જુદી જુદી સમિતિઓની રચના કરવામાં આવી હતી હવે ઉપરોકત આદેશથી રચવામાં આવેલ તમામ સમિતિઓ રદ કરી નીચે મુજબની સુધારેલ નવી કમિટીની રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૦૧ | ડૉ. સંધ્યા ચૌધરી, પ્રાધ્યાપક, વેટરનરી કોલેજ, ન.કૃ.યુ., નવસારી | ચેરમેન |
| ૦૨ | ડૉ. રૂચિરા શુકલા, સહ પ્રાધ્યાપક, અસ્પી આઈ.એ.બી.એમ., ન.કૃ.યુ., નવસારી | સભ્ય |
| ૦૩ | ડૉ. અલકા સિંઘ, સહ પ્રાધ્યાપક,અસ્પી બાગાયત–વ–વનિય મહાવિદ્યાલય,ન.કૃ.યુ.,નવસારી | સભ્ય |
| ૦૪ | ડૉ.મંજુશ્રી સિંઘ, મદદનીશ પ્રાધ્યાપક, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી | સભ્ય |
| ૦૫ | શ્રીમતી રક્ષાબેન આર. પટેલ, ઓફીસ સુપ્રીન્ટેન્ડન્ટ, વહિવટી–વ –હિસાબી અધિકારીશ્રીની કચેરી, ન.કૃ.યુ., નવસારી | સભ્ય |
| ૦૬ | શ્રીમતી કે.એ.સુરતી, સીનીયર કલાર્ક, સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., સુરત | સભ્ય |
| ૦૭ | શ્રીમતી એસ.એસ.પટેલ, સ્ટેનોગ્રેડ–૨, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી | સેક્રેટરી |
| ૦૮ | કુ. ટી.આર.પટેલ, જુનીયર કલાર્ક, કુલસચિવશ્રીની કચેરી, ન.કૃ.યુ., નવસારી | સભ્ય |

આ સમિતિ નીચે મુજબના કાર્ય અને ફરજો બજાવશે.

૧: નામદાર સુપ્રિમ કોર્ટના ચૂકાદા અનુસાર કામકાજના સ્થળોએ મહિલાઓની જાતીય સતામણી રોકવા વખતો વખત જાગૃતિ લાવવા કાર્યક્રમ ગોઠવવા.

૨: આ યુનિવર્સિટીની મહિલા કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીનીઓની કોઈપણ પ્રકારની માનસિક પજવણી, ઠઠ્ઠામશ્કરી, છેડતી અને જાતીય સતામણી અંગેની ઘટનાઓને મૂલવવાની કામગીરી કરવી તેમજ યથોચિત પગલા સૂચવવા કાર્યવાહી કરવી.

૩: આ યુનિવર્સિટીની મહિલા કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીનીઓની સુરક્ષા અને સલામતી અંગેના પગલાં સૂચવવાની કામગીરી કરવી.

૪: નવસારી કૃષિ યુનિવર્સિટીની મહિલા કર્મચારીઓ / વિદ્યાર્થીનીઓને જરૂરી માર્ગદર્શન (Guidance) અને સલાહ સૂચન (Counselling) મળી રહે તે માટે યુનિવર્સિટીની કોલેજોના ડીન્સ સાથે પરામર્શમાં રહી "મહિલા સેલ" ની રચના કરવાની રહેશે અને વખતો વખત મુલાકાત લઈ સૂચનો કરવાના રહેશે.

૫: સેક્રેટરીએ મહિલા કર્મચારીઓ અને વિદ્યાર્થીનીઓ તરફથી મળેલ ફરિયાદનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

૬: મળેલ ફરીયાદની જાત તપાસ કરીને સંબંધકર્તાના નિવેદનો મેળવીને વિગતવાર અહેવાલ અત્રેની કચેરીને નિયત સમયમાં રજુ કરવાના રહેશે.

૭: આ સમિતિએ કોલેજો અને કચેરીઓના મહિલા સેલની કામગીરીનું સંકલન કરી તેમનો વાર્ષિક અહેવાલ તૈયાર કરવાનો રહેશે.

પ્રસ્તુત આદેશ માન. કુલપતિશ્રીએ ફાઈલ પર આપેલ આદેશ અનુસાર બહાર પાડવામાં આવે છે.

**જા.નં.નકૃયુ/રજી/એડીએમ–૩–૩/૬૨૩૧–૮૦ /૨૦૧૩**
**નવસારી** **તા. ૨૧/૦૫/૨૦૧૩**

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાનાઃ–**

(૧) માન.કુલપતિશ્રીના રહસ્યસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
(૨) કમિટિના સભ્યશ્રીઓ તરફ. **મારફત તેમની કચેરી...**
(૩) નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ તેમની કચેરીમાં કામગીરી કરતા કર્મચારીઓને જાણ કરી ઘટતું થવા સારૂ.
(૪) આ કચેરીના તમામ શાખાઓ તરફ.